

આત્મા સ્વભાવે પરમાત્મસ્વરૂપ છે, રાગાદિ તો તેના નથી પણ અલ્પજ્ઞતા પણ તેની નથી, એ તો સર્વજ્ઞ પરમાત્મપ્રભુ પોતે છે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ માર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૩ સં. ૨૦૫૦ (૬૦૧) * આત્મધર્મ * (અંક-૫ વર્ષ-૫૦) વીર સં. ૨૫૨૦ નવેમ્બર, ૧૯૯૩

# મંગળ સુપ્રભાતે મંગલ આશીર્વાદના મંગલ સંભારણા

[ મંગળ સુપ્રભાતે પૂજ્ય ગુરુદેવશ્રીનાં માંગલિક ઉદ્‌ગારો ]

"આજે મંગળ દિવસ છે અને માંગલિકનું કારણ છે. મંગ એટલે આત્માની પવિત્રતા જેમાં પ્રગટ થાય, મમ્ એટલે અહંકાર જેમાં ગળે એનું નામ પવિત્રતા, એનું નામ માંગલિક, એ માંગલિકરૂપે નિયમસારની ૪૩ મી ગાથામાં આત્મા આવો છે એમ કહ્યું :—

નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,
નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આત્મા નિર્મૂઢ છે.

( શ્રી નિયમસાર ગા. ૪૩ )

૪૩ એટલે ૪ + ૩ = ૭, સાત પ્રકૃતિનો નાશ કરે અને વીતરાગતા પ્રગટ કરે એવા નવ બોલ આ ૪૩મી ગાથામાં છે.

ત્રિકાળી ભગવાન, જેમાં દ્વન્દ્વ નથી—બેપણું નથી, અદ્વૈત અખંડાનંદ પ્રભુ છે એવો જે સમભાવી વીતરાગ સ્વરૂપ પ્રભુ, તેનો નિર્ણય વિકલ્પ કે નિમિત્ત કે ધ્રુવ કરતો નથી, પરંતુ તેનો નિર્ણય પર્યાય કરે છે. ધ્રુવનો નિર્ણય પર્યાય કરે છે કે : હું આ આત્મા,-નિર્દંડ તે આત્મા, નિર્દ્વંદ્વ તે આત્મા, નિર્મમ તે આત્મા, શરીર રહિત તે આત્મા, નિરાલંબ તે આત્મા, નીરાગ તે આત્મા, નિર્દોષ તે આત્મા, નિર્મૂઢ તે આત્મા, નિર્ભય એટલે કે મારા દુર્ગમાં-કિલ્લામાં કોઈનો પ્રવેશ નથી એટલે ધ્રુવનો એવો કિલ્લો છે કે એમાં કોઈનો પ્રવેશ નથી-એવો હું છું. આત્માને એવો જાણવો, એવી દૃષ્ટિ કરવી અને અનુભવ કરવો એ માંગલિક છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન છે, તેને વર્તમાન નિર્મળ પર્યાય ગ્રહે છે કે 'આ હું છું, આ આત્મા હું છું'-એમ દ્રવ્યની સન્મુખ થયેલી પર્યાય આ રીતે દ્રવ્યનો સ્વીકાર કરે તે માંગલિક છે."

—પૂજ્ય ગુરુદેવ

કહાન
સંવત-૧૩
વર્ષ-૫૦
અંક-૫
[ ૬૦૧ ]




વીર
સંવત
૨૫૧૯
સં. ૨૦૪૯
NOV.
A. D. 1993

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

---

કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ૧૩મા સમાધિદિન પ્રસંગે

## * ગુરુ-જ્ઞાન-સાગરનાં અણમૂલાં રત્નો *

* ભગવાન સર્વજ્ઞના મુખારવિંદથી નીકળેલી વીતરાગી વાણી પરંપરા ગણધરો અને મુનિઓથી ચાલી આવી છે. એ વીતરાગી વાણીમાં કહેલાં તત્ત્વોનું સ્વરૂપ વિપરીત અભિવિનેશ રહિત જેને બેઠું છે એ ભવ્ય જીવના ભવ નાશ થઈ જાય છે. એને ભવ રહે જ નહિ. ભગવાનની વાણી ભવનો ઘાત કરનારી છે, એ જેને બેસે છે એ જીવની કાળલબ્ધિ પણ પાકી ગઈ છે, એના ક્રમબદ્ધમાં પણ ભવનો ઘાત થવાનો છે. જેને ભગવાનની વાણીમાં કહેલાં તત્ત્વો બેઠાં તેને ભવિ છું કે અભવિ એવી શંકા રહે જ નહિ. તે ભવિ જ હોય અને એને એવો નિઃશંક નિર્ણય થઈ જાય કે હું ભગવાન છું, ભગવાન સ્વરૂપ છું ને અલ્પ કાળમાં ભગવાન થઈ જવાનો છું—એમ પાકો નિર્ણય આવી જાય. ૧.

* ભગવાન! તું આનંદ સ્વરૂપ છો, રાગ ને વાણી આદિ જડને અડવા જેવું નથી, એનાથી આભડછેટ લાગે છે. તું ભગવાન સ્વરૂપ જ છો ને તારે ભગવાન થવું પડશે ભાઈ! ઘોર સંસારનું કારણ એવી પ્રશસ્ત ને અપ્રશસ્ત વચનરચના અને કનક-કામીનીના મોહથી આભડછેટ લાગે છે, એને છોડીને અને પશુ સમાન અજ્ઞાની જીવકૃત

લૌકિક ભયને છોડીને તું જેવો છો એવો થા! અને તું જેવો નથી તેને છોડી દે! તું જ્ઞાનાનંદ સ્વરૂપ પરમાત્મા છો એની શ્રદ્ધા કરીને એવો થા! અને ઘોર સંસારના કારણભૂત રાગાદિરૂપે તું નથી એને છોડી દે! આહાહા દિગમ્બર સંતોએ મોક્ષને હથેળીમાં બતાવ્યો છે. પ્રભુ! તું મુક્ત સ્વરૂપ છો એની શ્રદ્ધા-જ્ઞાન કરીને ઠરતાં મોક્ષ થાય છે. ૨.

* જ્ઞેય-જ્ઞાયક સંબંધની અનિવાર્યતાને લીધે જ્ઞેય-જ્ઞાયકને ભિન્ન પાડવા અશક્ય હોવાથી કે જ્ઞેયો જ્ઞાયકમાં ન જણાય એમ કરવું અશક્ય હોવાથી સમસ્ત વિશ્વને જાણવાં છતાં જ્ઞાયક છે તે એકરૂપતાને છોડતો નથી. અનાદિથી જ્ઞાયક જ્ઞાયકપણે જ રહ્યો છે. પર્યાયમાં જ્ઞાયક જણાય ત્યારે જ્ઞાયક જ્ઞાયકપણે રહ્યો છે એમ નહીં પણ દ્રવ્ય તો અનાદિનું જ્ઞાયકભાવે જ રહ્યું છે. મોહ વડે મિથ્યાત્વને લઈને હું રાગી છું ઇત્યાદિ અન્ય રીતે મનાય છે તોપણ વસ્તુ તો વસ્તુ જ છે, જ્ઞાયક તો જ્ઞાયકભાવે જ રહ્યો છે. ૩.

* બાહ્ય ને અભ્યતંર જલ્પો તો ભવના કરનારા છે. વિકલ્પો તો ભવભયના કરનારા છે. નયપક્ષના વિકલ્પો છે તે પણ ભવભયના કરનારા છે. શુભભાવ તો ક્યાંય રહ્યો પણ આત્મા સંબંધી જે વિકલ્પો પર્યાયમાં ઊઠ્યા તે પણ દુઃખરૂપ છે. નયપક્ષનું ફળ પણ ભવભય કરનાર છે. તેને છોડીને જેમાં એકલો વીતરાગરસ જ ભર્યો છે, સમતારસ જ ભર્યો છે તે એક ચૈતન્ય ચમત્કારનું સદા સ્મરણ કર. ભગવાનનું સ્મરણ નહીં પણ એક ચૈતન્ય-ચમત્કારનું સદા સ્મરણ કર. બીજાને યાદ કરે છે તેને ભૂલી જા, તું પોતે પરમાત્મા છો તેનું સદા સ્મરણ કર ને! ૪.

* પ્રભુ! તું જ્ઞાયકભાવ છો ને! તેથી વિકારના સમયે જ્ઞાન કરવાનો સમય છે. તેમ ન કરતાં ભેદવિજ્ઞાનના અભાવને લીધે અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરે છે. દયા-દાન આદિ રાગના જાણવાના કાળે તેને ભિન્ન જાણવાના બદલે પોતારૂપ માનતો થકો અજ્ઞાનરૂપ પરિણમતો હોવાથી રાગનો કર્તા અજ્ઞાની છે. અજ્ઞાનીને અજ્ઞાનભાવે કર્તાપણું સંમત કરવું. ક્યાં સુધી સંમત કરવું?-કે જ્યાં સુધી રાગને ભિન્ન ન જાણે ને રાગને પોતારૂપ જાણે ત્યાં સુધી તેને કર્તાપણું સંમત કરવું. રાગાદિ

મારી ચીજ નથી એવું ભેદજ્ઞાન થતાં, રાગ આવે તેનું જ્ઞાન કરતો થકો જ્ઞાનરૂપ પરિણમતો થકો જ્ઞાતાપણાને લીધે સાક્ષાત અકર્તા થાય છે એટલે કે દ્રવ્યસ્વભાવે તો અકર્તા છે જ પણ પર્યાયમાં પણ અકર્તા થાય છે. ૫.

* બંધને કરતો નથી ને મોક્ષને પણ કરતો નથી. કેમ કે તે કાળે તે પર્યાય થવાની છે તે થાય છે, થાય જ છે તેને કરવી એટલે શું?–જે થાય છે અથવા જે છે જ, તો જે છે તેને કરવું શું? જાણનારને મોક્ષની પર્યાય છે, તો છે તેને કરવી શું? દ્રવ્યદૃષ્ટિ થવાથી ભાવનામના ગુણને લીધે નિર્મળ પરિણતિ થાય જ છે, તે તે કાળે તે પર્યાય થાય જ છે અથવા છે જ અથવા તે સત્ છે જ તો તે સત્‌ને કરે શું? જે કાળે જે પર્યાય થાય છે તેને કરે એ તો વિરોધ થઈ ગયો. છે તેને જાણે. કર્મનો ઉદય છે, છે તેને જાણે છે. ઉદયને ને નિર્જરાને આત્મા કરતો નથી, જાણે છે. તે સમયે કર્મનું ખરવું, અશુદ્ધતાનું ગળવું ને શુદ્ધતાનું વધવું એવી ત્રણે પ્રકારની નિર્જરા તે સમયમાં છે જ, છે તેને કરે શું? છે તેને જાણે છે. ૬.

* ભાઈ! તને ભ્રમણા થઈ છે. ભ્રમણા સંયોગને જુએ છે. પાણી અગ્નિથી ગરમ થયું એ તદ્દન જૂઠી વાત છે. અહીં તો કહે છે કે પોતે પોતાને જાણે છે એમ કહેવું પણ વ્યવહાર છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. પોતાને જાણવાનું કામ કરે એ પણ ભેદ ને વ્યવહાર છે અને પરને જાણે એ તો અસદ્‌ભૂત વ્યવહાર છે અને પરને કરે એ તો મિથ્યાત્વનો વ્યવહાર છે. ૭.

* વ્યવહારનય તો કથનમાત્ર છે તેમ કળશટીકામાં કહ્યું છે. નિયમ-સારમાં કહે છે કે વસ્તુમાં કાંઈ ફેર નથી. અરે! અમે તને કહીયે છીએ કે તારામાં હીણપ ન દેખ! કઈ નયથી તારામાં હું હીણપ દેખું? સિદ્ધ કરતાં અલ્પતા તારામાં કઈ નયથી દેખું? પોતાને દેખતા બીજી કાંઈ ચીજ અમને દેખવામાં આવતી નથી તો બીજામાં પણ સિદ્ધ ને સંસારીમાં ભેદ કઈ નયથી જાણું? આહાહા! ગજબ વાત કરી છે. ૮.

* અરેરે! પોતાને છોડીને પરના વિકલ્પોનો પાર ન મળે! એકલું દુઃખ છે. અહીં તો કહે છે કે નયના પક્ષો પણ દુઃખ છે, ત્યાં શાંતિ

નથી. સ્ત્રી-પુત્ર-પૈસા મારા એ તો બહુ સ્થૂળ પાપ છે પણ નયપક્ષના વિકલ્પ—હું જ્ઞાયક છું, શુદ્ધ છું એવો વિકલ્પ પણ દુઃખ છે. વસ્તુની સ્થિતિ જ આવી છે કે વિકલ્પજાળ છે તે દુઃખરૂપ છે પણ અરેરે! પામરતામાં અર્પાઈ ગયો તેને પરમાત્મામાં અર્પણતા ક્યાંથી આવે? ૯.

* ત્રિલોકનાથ, સર્વજ્ઞ પરમેશ્વર, જિનેન્દ્રદેવનો સમવસરણમાં ઇન્દ્રોની સમક્ષમાં આ ધ્વનિ આવ્યો છે. પણ અરેરે! આ એને કાને ન પડે, અને કાને પડે તે પણ એ ઇન્દ્રિયથી જે જ્ઞાન થાય તે જ્ઞાન આત્માનું નહિ એટલે કે તેને આત્માનું જ્ઞાન કહેતા નથી. ભગવાન! શું કહીએ! તારી ચીજ અંદર એવી છે કે સહજાત્મસ્વરૂપ જ્ઞાનાનંદનો દરિયો છે, એ જ્ઞાનનો સાગર છે, એ જ્ઞાનના સાગરથી છલોછલ ભરેલો ભગવાન છે, તેને પરના કારણે જ્ઞાન થાય તેવું તેનું સ્વરૂપ નથી. ૧૦.

* શ્રી પરમાત્મપ્રકાશની ગાથા ૫૫ અને શ્રી પ્રવચનસાર શાસ્ત્રની ગાથા ૭૭નો એક જ સાર છે. શુભજોગ અને અશુભજોગમાં તફાવત નથી એટલે કે બંને એક જ જાતના છે. પુણ્ય-પાપના ભાવ બંને બંધનના કારણ એકરૂપે છે. પાપ કરતાં પુણ્યમાં ફેર છે તે તો વ્યવહારની અપેક્ષાએ છે, પરમાર્થની અપેક્ષાએ તો બંને બંધનના કારણ એકરૂપ છે, તેમાં કોઈ ફેર માને કે પુણ્ય તે ઠીક અને પાપ તે અઠીક છે-તે ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે. ૧૧.

* સંતો એમ જાહેર કરે છે પ્રભુ! તું તને જાણી શકે છો. જ્ઞાનની પર્યાયથી તું તને જાણી શકે છો. જ્ઞાન પરને જાણવાનું કામ કરે છે. એ જ્ઞાન કાંઈ પરનું લક્ષણ નથી માટે એ જ્ઞાન જેનું લક્ષણ છે ત્યાં જ્ઞાનને વાળ તો જ્ઞાનસ્વરૂપ આત્મા પ્રગટ દેખાશે. જાણવાના પરિણામથી આત્મા જણાશે ને એ અવસ્થા પ્રગટ છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે, તેનો વ્યક્ત પર્યાય પ્રગટ છે, એ પ્રગટ અંશ દ્વારા જે શક્તિરૂપ જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે તે પ્રગટ જણાશે. ૧૨.

* બીજા વિકલ્પો તો એક બાજુ રહ્યા પણ અહીં તો કહે છે કે એકરૂપ વસ્તુ છે તેમાં બે ભેદ પાડીને એ વિકલ્પમાં ઊભો છે તેને નિર્વિકલ્પતા થતી નથી તેથી તેને કુબુદ્ધિ કહે છે. સંસારરૂપી રમણીને પ્રિય એવો આ વિકલ્પ સુબુદ્ધિને હોતો નથી, કુબુદ્ધિને હોય છે. પ્રભુ ! તારી મહત્તાનું શું કહેવું ? તું જ્ઞાનાનંદ આદિ અનંત ગુણોનો સાગર એકરૂપ છે. એમાં બે ભેદ પાડવાથી તને દુઃખ થશે. ભગવાન આનંદનો નાથ એકરૂપ રહે એવું પરમાત્માનું સ્વરૂપ છે તેમાં બહિરાત્મા ને અંતરાત્માના બે ભેદ પાડીશ તો તને દુઃખ થશે. આ છેલ્લામાં છેલ્લી ટોચની વાત છે. બીજા વિકલ્પોમાં ઊભો છે એ તો સ્થૂળ છે પણ અહીં તો એકરૂપ શુદ્ધાત્મસ્વરૂપ છે તેમાં બહિરાત્મા ને અંતરાત્માના બે ભેદ પાડવા એ સંસારમાં રખડવા માટે છે. ૧૩.

* પ્રભુ ! તું જ્ઞાયકસ્વભાવી વસ્તુ છો, અનાદિ એવો ને એવો જ જ્ઞાયકપણે જ રહ્યો છો, પણ મોહને લઈને હું રાગી છું ઇત્યાદિ અન્યથા કલ્પીને તને અન્યથા માની રહ્યો છો. વસ્તુ તો ત્રિકાળ નિરાવરણ જ છે. અનાદિ સંસારથી આ જ સ્થિતિએ એટલે કે જ્ઞાયકપણે જ શુદ્ધ આત્મા રહ્યો છે, મોહને લઈને જે બીજી રીતે મનાય છે, તે મોહને મૂળથી ઉખેડી નાખીને, અતિ નિષ્કંપ રહેતો થકો શુદ્ધ આત્માને જેવો છે તેવો જ પ્રાપ્ત કરું છું—એમ આચાર્યદેવ કહે છે. ૧૪.

* આત્મા પોતાથી રાગાદિનો અકારક જ છે. આત્માનું સ્વરૂપ જ એવું છે કે તેના આશ્રયે દયા–દાન આદિ થાય એવો એનો સ્વભાવ જ નથી. રાગનો ત્યાગ પણ આત્માને લાગુ પડતો નથી, એ તો અકારક જ છે. પોતાના આશ્રયે શુભ કે અશુભભાવ થાય એવું એનું સ્વરૂપ જ નથી. પરદ્રવ્યના લક્ષે પર્યાયમાં શુભાશુભ થાય છે પણ સ્વથી રાગ કરે એવું એનું સ્વરૂપ જ નથી. પરનો ત્યાગ કરનારો તો આત્મા નથી, જ્ઞાયક સ્વરૂપ પ્રભુ તો જ્ઞાયક જ છે, તે રાગનો ત્યાગ કરે એ પણ વ્યવહાર છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે, જ્ઞાયક પરને છોડે એવું એના સ્વરૂપમાં નથી. આત્મા પોતાથી પુણ્ય–પાપના પરિણામનો તો અકારક જ છે. આવો એનો સ્વભાવ છે એમ અંદર દૃષ્ટિ થવી તે સમ્યગ્દર્શન છે. ૧૫.

* નિગોદમાંથી ક્યારેય નહીં નીકળેલા જીવો ને સિદ્ધના જીવો તેમનામાં કઈ નયથી હું ભેદ જાણું ?—અંતરની મહિમાની વાત છે. ચૈતન્યશક્તિવાન જેને પ્રગટ દશામાં જાણવામાં આવ્યો તેને બધા ભગવાન ભાસે છે; તો કઈ નયથી તેઓમાં ભેદ ભાસે ? દિવ્યધ્વનિ એમ કહે છે કે કુબુદ્ધિ–સુબુદ્ધિમાં ભેદ કઈ નયથી પાડું ? મુનિરાજ કહે છે એ ભગવાન જ કહે છે. મુનિરાજ કહે છે તે ભગવાનથી કાંઈ ફેર પાડીને કહેતાં નથી. ભગવાનની વાણીમાં આવ્યું કે કુબુદ્ધિઓ ને સુબુદ્ધિઓમાં કઈ નયથી બચાવ કરીને ભેદ પાડું ? ૧૬.

* મોક્ષની પર્યાય પણ એક સમય રહે છે, એવી ને એવી પર્યાય નવી નવી થાય પણ એ પર્યાય તો એક સમય જ રહે છે માટે હેય છે. ચારે ભાવોને હેય કેમ કહ્યાં ?—કે તેઓ પરસ્વભાવો છે અને તેઓ પરસ્વભાવો છે તેથી જ પરદ્રવ્ય છે. કેવળજ્ઞાન પરસ્વભાવ છે ને ત્રિકાળીભાવ છે તે સ્વસ્વભાવ છે. ઉત્પન્ન થાય છે તે પરસ્વભાવ છે ને સનાતન છે તે સ્વસ્વભાવ છે. પરસ્વભાવ છે તેથી જ તે પરદ્રવ્ય છે. અહીં પરની વાત નથી. પોતાની પર્યાયની જ વાત છે. બંધ ને મોક્ષપર્યાય પરદ્રવ્ય છે. પરદ્રવ્ય કેમ ?—કે પરદ્રવ્યમાંથી પોતાની પર્યાય આવતી નથી તેમ મોક્ષની પર્યાયમાંથી પણ નવી પર્યાય આવતી નથી માટે તે પરદ્રવ્ય છે. ત્રિકાળીની અપેક્ષાએ તે હેય છે, પરસ્વભાવ છે અને તેથી જ તે પરદ્રવ્ય છે. કેવળજ્ઞાન પર્યાય, સિદ્ધ પર્યાય, અનંત ચતુષ્ટય પર્યાયમાં પ્રગટ થવા છતાં તે પરદ્રવ્ય છે. કેમ કે તેમાંથી નવી પર્યાય આવતી નથી. જેમ આનંદની પર્યાય પરદ્રવ્યમાંથી આવતી નથી તેમ પર્યાયમાંથી નવી આનંદની પર્યાય આવતી નથી તેથી તે પરદ્રવ્ય છે. ત્રિકાળીમાંથી– ત્રિકાળીના આશ્રયથી આનંદની નવી પર્યાય આવે છે માટે તે સ્વદ્રવ્ય છે. ૧૭.

* અહીં તો એમ લેવું છે કે આત્મામાં જે વિકારી ભાવ ઉત્પન્ન થાય તે આત્માના અસંખ્ય પ્રદેશથી ભિન્ન છે. ભગવાન આત્માના પ્રદેશ ને આસ્રવના પ્રદેશ ભિન્ન છે. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ શુદ્ધ પરિણતિમાં જણાયો માટે તેમાં આત્મા છે. જેમાં જે જણાયો તેમાં

તે છે. અહીં તો કહે છે કે એક વસ્તુની બીજી વસ્તુ નથી. એક આત્મા બીજા આત્માને લઈને નથી, આત્માને ને કર્મને કાંઈ સંબંધ નથી. કેમકે બંનેના પ્રદેશો ભિન્ન છે. આસ્રવને ને આત્માને કાંઈ સંબંધ નથી કેમકે બન્નેના પ્રદેશ ભિન્ન છે આસ્રવને અહીં વસ્તુ કહી છે. આસ્રવ વસ્તુ જીવમાં નથી ને જીવ વસ્તુ આસ્રવમાં નથી. કારણ કે એક વસ્તુની બીજી વસ્તુ નથી. મિથ્યાત્વાદિ પરિણામ થાય તેની જીવવસ્તુ કાંઈ સંબંધી નથી. ૧૮.

* જે સમયે જે પદાર્થની જે પર્યાય ત્યાં છે તો જે છે તેને કરે શું? તે સમયે શુદ્ધતાનું વધવારૂપ નિર્જરા છે તેને પણ કરતો નથી. નિર્જરાના ત્રણ પ્રકાર છે પણ ખરો પ્રકાર તો શુદ્ધતાનું વધવું તે છે. એ નિર્જરા તે સમયે છે તો તેને કરે શું? જે નિર્જરા ઉપજે છે, જે ઉપજે છે તેની હયાતી તો છે, જેની હયાતી છે તેને કરવું શું? મોક્ષની પર્યાય પણ તેના કાળે ક્રમબદ્ધપણે થાય જ છે તો તેને કરવું શું? છે તેને જાણે જ. જેમ ત્રિકાળી આત્મા સત છે, સત્ છે તેને કરવું શું? તેમ તે તે કાળની તે પર્યાય સત્ છે, સત્ છે તેને કરવું શું? તે કાળે તે પર્યાય છે તેને કરવું શું? ૧૯.

* ઉત્પન્ન થતી પર્યાય તો એક સમય પછી વ્યય પામી જશે. એ ઉત્પાદ્-વ્યયની દૃષ્ટિ છોડી દે. ભલે તે સત્ છે પણ એક સમયનું સત્ છે ત્યાંથી દૃષ્ટિ છોડી દે ને સનાતન સત્‌ની દૃષ્ટિ કર. ત્રિકાળી એકરૂપની દૃષ્ટિ કરે છે તે પર્યાય છે. ત્રણે કાળે પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહીં છતાં એ એક સમયની પર્યાયની દ્રવ્ય આગળ કિંમત નથી. કયાં બંધની પર્યાય ને કયાં ત્રણકાળ ત્રણલોકને જાણતી મોક્ષની અવસ્થા!—છતાં એ અવસ્થા પણ ત્રિકાળ એકરૂપ પ્રભુના આશ્રય આગળ હેય છે. ૨૦.

* આહાહા! એક વસ્તુ બીજી વસ્તુની નથી. પરવસ્તુ તો કયાંય રહી પણ ક્રોધાદિ કે દયા-દાન આદિ એ આત્માના નથી, કારણ કે બંનેના પ્રદેશ ભિન્ન હોવાથી ભાવ જુદા હોવાથી ક્ષેત્ર પણ જુદા છે તેથી સત્તા જુદી જુદી છે. ચૈતન્ય જ્ઞાયકભાવ અને વ્યવહારરત્નત્રયના પ્રદેશ જુદા હોવાથી બંનેની સત્તા જુદી છે તેથી એકબીજાને આધાર-આધેયસંબંધ

પણ નથી જ. પ્રદેશ તો જુદા છે, સત્તા તો જુદી છે પણ વ્યવહાર-રત્નત્રયનો રાગ આધાર ને આત્મા આધેય એવો આધાર-આધેયસંબંધ પણ નથી જ. વિકારીભાવના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્માથી જુદા છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્માથી જુદા છે. ૨૧.

* પોતે પોતાને જાણે, જ્ઞાયક અને એનો જ્ઞાનભાવ—એ સદ્ભૂત વ્યવહાર થયો એનો નિષેધ છે. પરનું કરું—એ તો મિથ્યા છે પણ પરનું જાણવું એ પણ વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતાને જાણે છે. પરંતુ જાણનાર પોતાને જાણે છે એ પણ વ્યવહાર છે, જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ૨૨.

* ભગવાન તું બીજું તો ભૂલી જા, પણ ધ્યાન કરવું ને ધ્યાનની ધારા વધતી એવી પર્યાયની વાત પણ પરમાત્મતત્ત્વને વિષે નથી. સદા કલ્યાણમય ધ્રુવતત્ત્વમાં ધ્યાન ને ધ્યાનના ભેદો નથી. અતીન્દ્રિય આનંદનો અનુભવ જે વધતો વધતો કેવળજ્ઞાન લ્યે એવી ધ્યાનની ધારા પણ ધ્રુવતત્ત્વને વિષે હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. રાગ, કર્મ કે શરીરની શું વાત કરવી ? પણ જે ધર્મધ્યાન, નિર્મળદશા એ પણ ત્રિકાળી સ્વભાવમાં નથી. ૨૩.

* પ્રથમ તો સ્વભાવથી હું જ્ઞાયક જ છું. મારો પ્રભુ જ્ઞાયકસ્વભાવી છે, જાણનાર-દેખનાર છે. હું કેવળ જ્ઞાયક જાણન-દેખન સ્વભાવી હોવાથી મારે વિશ્વના સમસ્ત પદાર્થ સાથે કેવળ જ્ઞેય-જ્ઞાયક લક્ષણ સંબંધ છે. વિશ્વ જ્ઞેય છે ને હું જ્ઞાતા છું, વિશ્વ દૃશ્ય છે ને હું દ્રષ્ટા છું. પર મારી ચીજ છે કે હું તેનો કર્તા છું એ વાત નથી, કેવળ જ્ઞેય-જ્ઞાયક સંબંધ જ છે. સર્વજ્ઞદેવ પણ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું એટલો જ સંબંધ છે. ૨૪.

* શ્રી યોગેન્દ્રદેવ તો કહે છે કે જિનવરદેવ એમ કહે છે કે પરમાર્થે જીવ ઊપજતો પણ નથી ને મરતો પણ નથી અને બંધ તથા મોક્ષને કરતો પણ નથી. આત્માનો જે સ્વભાવ છે તેના તરફ જ્યાં જાણવાનું લક્ષ થયું ત્યાં બધું છૂટી ગયું. પછી જે છે તેને જાણે. પછી

નિર્જરા ને બંધ જે છે તેને તે કાળે જાણે જ છે. જાણવાની પર્યાયનો પણ તે કાળે તે પ્રકારે ઉત્પન્ન થવાનો તે કાળ હતો માટે થઈ છે. ૨૫.

* રાગ થાય છે તેને તે તે કાળે જાણવાનું કાર્ય પોતાનું સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. ખરેખર તો જાણવાની પર્યાય પણ કરવી નથી. જાણવાની પર્યાય પણ સત્ તે કાળે છે, તેને જાણે છે, કરતો નથી. પોતાની નિર્જરાની પર્યાયને પણ કરે નહીં, માત્ર જાણે તો પરના કાર્યને કરે કે પલટાવે એ ક્યાં રહ્યું? તે તે સમયે તેનું સત છે તેને કરવું શું? તે તે સમયે તેનું સત્ છે તેને જાણે, બસ જાણે એટલું કહેવું છે. અનંતી પર્યાય એક સમયે ઉત્પન્ન થાય છે. તેમાં એક પર્યાયને બીજી પર્યાયની પણ અપેક્ષા નથી. ૨૬.

* પરને જાણવું એ વ્યવહાર છે. તેથી પરને જાણવું એ પણ આદરવા લાયક નથી. પરનું કાંઈ કરી શકે, જીભ હલાવી શકે એ તો ત્રણકાળમાં નથી. એ તો ઠીક, પરને જાણે છે એમ કહેવામાં અસદ્ભૂત વ્યવહાર છે. પોતે પોતાને જાણે છે—એમ કહેતાં બે ભાગ પડી ગયા તેથી તે સદ્ભૂત વ્યવહાર છે. જે એક બીજા વચ્ચે અત્યંત અભાવ છે તેને તો એકબાજુ રાખો પણ પોતે પોતાને જાણે એમ કહેવામાં સ્વસ્વામી ભાગ પડયો એ પણ વ્યવહાર છે. ૨૭.

* મારામાં સ્વસ્વામિલક્ષણ સંબંધ નામનો ગુણ છે, તેથી મારી નિર્મળ પર્યાયનો હું સ્વામિ છું. પરંતુ પર સાથે મારે સ્વસ્વામિ લક્ષણ આદિ સંબંધો નથી. તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી. દેવ ગુરુ પણ મારા છે એમ મમત્વ નથી. હું તો સર્વત્ર નિર્મમત્વ જ છું. મારે કોઈ સાથે સ્વસ્વામિલક્ષણ આદિ સંબંધો નથી, તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી. ૨૮.

* જો પોતાના અસ્તિત્વમાં રાગ છે એમ જાણે તો દ્રવ્ય-ગુણના આશ્રયે રાગને છોડે. જો રાગ છે જ નહીં તેમ જાણે તો તેને ક્યારે છોડે?—ને સ્ત્રી-પુત્ર પૈસાદિ તો પર્યાયમાં છે જ નહીં તેને શું છોડવા? જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી તે પોતાની પર્યાયમાં છે ને તે પોતાનું કાર્ય છે એમ જાણે તો દ્રવ્યસ્વભાવના આશ્રયે રાગને છોડશે. નિશ્ચયથી

તો રાગ છે તે પર્યાયના ષટ્કારથી ઉત્પન્ન થાય છે, રાગનો કર્તા રાગ છે. ૨૯.

* જેણે અંદરમાં આરાધના કરી એને ભગવાનના વિરહ નથી. અરે! અમારો ભગવાન અમારી પાસે છે, અમને ભગવાનના ભેટા થયા છે, અમે ભગવાન જ છીએ. આહાહા! પંચમકાળમાં મુનિઓએ અપૂર્વકામ કર્યાં છે. અહીંથી સ્વર્ગમાં ગયા છે ને ત્યાંથી મનુષ્ય થઈ મોક્ષે જવાના. પંચમકાળમાં ભરતક્ષેત્રમાં અવતર્યા એટલે એકાદ ભવ બાકી રહી ગયો, મહાવિદેહમાંથી તો એ જ ભવે મોક્ષ જાય છે. છ માસ ને આઠ સમયમાં છસો ને આઠ જીવ મોક્ષે જાય અને એટલા જ જીવો નિગોદમાંથી નિકળે. બાકી તો એમ ને એમ નિગોદમાં પડ્યા રહે છે. જ્યારે જુઓ ત્યારે નિગોદના એક શરીરમાં રહેલ જીવોના અનંતમાં ભાગે જ મોક્ષે જાય. આહાહા! એ નિગોદમાંથી નિકળીને આવા મનુષ્યના ભવ મળ્યા ને વીતરાગની વાણી મળી એ તો ધન્યભાગ્ય! મહા પુણ્યના થોક હોય...મેરુ જેટલાં પુણ્યના થોક હોય ત્યારે આવો યોગ મળે છે. હવે કામ કરવું એ એના હાથની વાત છે. ભાઈ! આવા કાળે તું તારું કામ કરી લે! ૩૦.

* જેમ આત્મા આત્મામાં જ છે તેમ વિકાર વિકારમાં જ છે. વિકારના આધારે આત્મા નથી કે આત્માના આધારે વિકાર નથી. આત્મા જાણનક્રિયાના આધારે ને વિકારીભાવ વિકારી ક્રિયાના આધારે છે. ૩૧.

* દેખનારો દેખનારનો જ છે—એમ કહેવું તે પણ સદ્ભૂત વ્યવહાર છે. ખરેખર તો શ્રદ્ધનારો શ્રદ્ધનારનો જ છે. ચેતયિત ચેતયિતાનો જ છે એમ કહેતાં ચેતયિતાથી જુદો બીજો કોઈ ચેતયિતા છે કે જેનો આ ચેતયિતા છે? દેખનારો દેખનારનો છે, તો બીજો કોઈ દેખનારો છે કે જેનો આ દેખનારો છો? એ તો વ્યવહારથી દેખનારો દેખનારનો છે એમ કહ્યું છે. ખરેખર તો દેખનારો દેખનારો જ છે એ નિશ્ચય છે. દેખનાર દેખનારનો છે—એ પણ સ્વ-સ્વામી અંશરૂપ વ્યવહાર છે. એવા અંશરૂપ વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. માટે દર્શક દર્શક જ છે, દેખનારો દેખનારો જ છે—એ નિશ્ચય છે. ૩૨.

* નિશ્ચયથી બાહ્યવસ્તુ બંધનું કારણ યથાર્થપણે સિદ્ધ થતું નથી. બાહ્યવસ્તુ જીવને અતદ્ભાવરૂપ છે તેથી તે બંધનું કારણ નથી. જેમ પર્યાયમાં રાગ તદ્ભાવરૂપ છે તેમ બાહ્યવસ્તુ જીવને તદ્ભાવરૂપ નથી. દ્રવ્યગુણમાં તો બાહ્યવસ્તુનો અતદ્ભાવ છે જ પણ પર્યાયમાં પણ બાહ્યવસ્તુ અતદ્ભાવરૂપ છે. ત્રિકાળી ધ્રુવમાં વર્તમાન પર્યાયનો પણ અતદ્ભાવ છે ને વર્તમાન પર્યાયમાં બાહ્યવસ્તુ અતદ્ભાવરૂપ છે, માટે બાહ્યવસ્તુ બંધનું કારણ નથી. પર્યાયમાં પરદ્રવ્ય છે જ નહીં તો તેનો ત્યાગ શું કરે? હા, પર્યાયમાં રાગ છે તેથી તેનો ત્યાગ કરે તેને પણ ૩૪મી ગાથામાં કથનમાત્ર ત્યાગ કહ્યો છે. કેમ કે સ્વરૂપની દૃષ્ટિ કરતાં રાગ ઉત્પન્ન જ થતો નથી તેથી રાગનો ત્યાગ પણ નામમાત્ર કથન છે. પોતાના નિરુપાધિ સ્વરૂપમાં સ્થિર થયો ત્યાં રાગ ઉત્પન્ન થયો નહીં તેથી રાગનો ત્યાગ નામમાત્ર કથન છે. પરંતુ પરદ્રવ્યનો ત્યાગ તો નામમાત્ર કથનથી પણ નથી. કેમ કે પરદ્રવ્ય તો પર્યાયમાં પણ છે જ નહીં, જે પર્યાયમાં છે એવા રાગનો ત્યાગ નામમાત્ર કથન છે. ભગવાન જ્ઞાનસ્વરૂપી ચિદાનંદપ્રભુની એકતાબુદ્ધિ થઈ ત્યાં રાગની એકતાબુદ્ધિ છૂટી ગઈ અને જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થયો ત્યાં રાગ ઉત્પન્ન થયો જ નહીં તેથી રાગનો ત્યાગ નામમાત્ર કથન છે. ૩૩.

* પંચમ આરાના સાધુ પંચમ આરાના શ્રોતાને આ કહે છે. ત્રિકાળી જ્ઞાયકભાવની અપેક્ષાએ પર્યાયમાત્ર હેય છે, આદરવા લાયક નથી, આશ્રય કરવા લાયક નથી, ઉત્તમ માનવા યોગ્ય નથી, શરણ કરવા લાયક નથી. પંચમ આરાના પ્રાણી હલ્કા પુણ્ય લઈને આવ્યા તેને એમ કહે છે કે તું પૂરણ એકરૂપ પ્રભુ છો, તે એક જ આદરણીય છે. તેના તરફ જે પર્યાય જાય, લક્ષ કરે એ પર્યાય પણ આદરણીય નથી, હેય છે. સ્વદ્રવ્યનો આશ્રય કરનારી પર્યાય પણ હેય છે. સનાતન અખંડ એકરૂપ વસ્તુની દૃષ્ટિ કરનાર પર્યાય પણ હેય છે. દૃષ્ટિ કરનાર પર્યાયનો વિષય એ એક જ આદરણીય છે. ૩૪.

* દ્રવ્યની દૃષ્ટિ કરતાં દ્રવ્ય-ગુણમાં રાગ નથી તેથી રાગ પોતાનો નથી. પરંતુ પર્યાયમાં તો રાગનો અંશ દશમા ગુણસ્થાન સુધી રહે છે.

પર્યાયમાં રાગ છે. રાગનો કર્તા માને તે મિથ્યાત્વ—એ તો દૃષ્ટિના વિષયની વાત છે. પરંતુ દૃષ્ટિની સાથે જે જ્ઞાન પ્રગટ થયું એ જ્ઞાન જાણે છે કે રાગ મારી પર્યાયમાં છે. પરિણામ જ આત્માનું કાર્ય છે. દ્રવ્ય–ગુણમાં રાગ છે નહીં તેથી દ્રવ્ય–ગુણ ને દૃષ્ટિ અપેક્ષાએ રાગનો કર્તા માનવું તે મિથ્યાત્વ છે, પણ જ્ઞાન પ્રધાનતાથી પર્યાયમાં રાગપરિણામ આત્માનું જ કાર્ય છે. કેમ કે જડકર્મ કે નોકર્મ એ આત્માનું કર્મ નથી, અજીવનું કાર્ય છે. ૩૫.

* જે કોઈ પરિણામ થાય તે તેના દ્રવ્યના આશ્રયે થાય છે, બીજા દ્રવ્યના આશ્રયે થતાં નથી. ચાલતી વખતે પગને ઉપાડવો એ આત્માનું કાર્ય નથી. વળી પગના પરમાણુ જમીનના પરમાણુને અડતા નથી. કેમ કે પગના પરમાણુ તેના આશ્રયભૂત પરિણામના લઈને છે, જમીનના પરમાણુના આશ્રયે નથી. સમય સમયના પરિણામના કાર્યનો આશ્રય પોતાનું દ્રવ્ય છે પણ અન્ય દ્રવ્યનો આશ્રય નથી. ખાવાની ક્રિયા એ પરમાણુના પરિણામ છે, તેને આત્મા કરે એ ત્રણકાળમાં બને નહીં. દાઢ હલે છે, હોઠ હલે છે એ પરિણામ જડના છે, એ પરિણામ પોતાના પરિણામી—પરમાણુના આશ્રયે થયા છે, આત્માના આશ્રયે થયા નથી. ૩૬.

* અધ્યવસાયમાં પરદ્રવ્યનો આશ્રય છે પણ પરદ્રવ્ય બંધનું કારણ છે એમ નથી, કેમ કે પરદ્રવ્યો તારી પર્યાયમાં છે જ નહીં, અતદ્ભાવ છે. પર્યાયમાં અનંત પરદ્રવ્યો છે જ નહીં, તેથી તેનો ત્યાગ જ છે. છતાં અધ્યવસાનના ત્યાગ માટે પરદ્રવ્યનો ત્યાગ કરવા કહ્યું છે, પરના ત્યાગથી અધ્યવસાનનો ત્યાગ થતો નથી પણ અધ્યવસાનનો ત્યાગ કરાવવા પરનું લક્ષ છોડાવવા, જ્યાં પરનો ત્યાગ કરવા કહ્યું છે ત્યાં પરના આશ્રયનો ત્યાગ કરાવવો છે, કેમ કે અધ્યવસાનને પરદ્રવ્યનો આશ્રય છે. તે આશ્રયનો ત્યાગ કરાવવા બાહ્યત્યાગની વાત કરી છે. પરંતુ જેની દૃષ્ટિ બાહ્યત્યાગ ઉપર પડી છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. ૩૭.

* દરેક આત્મા ને દરેક પરમાણુ પોતાના પરિણામભાવરૂપે ઊપજે છે. નિમિત્તભૂત અન્યદ્રવ્ય હોય છે પણ તેનાથી પરિણામ ઊપજતા નથી.

પાણી અગ્નિથી ઉષ્ણ થતું નથી. પાણી પોતાના પરિણામભાવથી ઉષ્ણરૂપે ઊપજે છે, અગ્નિથી નહીં. ત્રિલોકનાથનું આ ફરમાન છે અને તે ન્યાયયુક્ત છે. કેમ કે દરેક દ્રવ્ય પોતાના પરિણામ વિનાનું હોતું નથી તો એ પરિણામ બીજા દ્રવ્યથી કેમ થાય? દરેક દ્રવ્ય પોતાના પરિણામભાવરૂપે ઊપજે છે. જો નિમિત્તભૂત દ્રવ્યોના સ્વભાવથી ઊપજે તો નિમિત્તભૂત-પરદ્રવ્યના આકારે તે પરિણામ થવા જોઈએ. પરંતુ એમ તો થતું નથી. ૩૮.

* આત્માના ધ્યાન સિવાય બધુંય ઘોર સંસારનું મૂળ છે અને આત્માના ધ્યાનમાં ન રોકાતા ધ્યાન સંબંધી વિકલ્પમાં રોકાયો એ પણ કલ્પનામાત્ર રમ્ય છે. આવું જાણીને ધીમાન્ એટલે કે બુદ્ધિમાન પુરુષ સ્વાભાવિક પરમાનંદરૂપી પીયૂષ—અમૃત તેના પૂરમાં ડૂબતા એવા સહજ પરમાત્માનો એકનો જ આશ્રય કરે છે. ૩૯.

* સંસારસમુદ્રમાં ડૂબેલાં જીવે અનંતવાર વ્યવહાર-રત્નત્રયને સાંભળ્યો છે ને આચર્યો પણ છે, પણ અરે! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે એટલે કે જેમાં રાગ પણ નથી, દયા-દાન આદિ પણ નથી એવા ત્રિકાળી જ્ઞાયક એકરૂપ ભગવાનને જીવે સાંભળ્યો—આચર્યો નથી. જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય પ્રકાશનો પુંજ જ્ઞાયકપ્રભુ અચેતન—જ્ઞાનાંશથી ખાલી એવા પુણ્ય-પાપરૂપ જડરૂપ કદી થયો જ નથી. ચૈતન્ય પ્રકાશના પુંજમાં પુણ્ય-પાપના અંધકારનો અભાવ છે. અરે! ચૈતન્ય પ્રકાશના પુંજમાં તેની એક સમયની પર્યાયનો પણ અભાવ છે ત્યાં પુણ્ય-પાપનો અંધકાર કેમ હોય? તેનો તો ચૈતન્ય પ્રકાશમાં અભાવ છે. ૪૦.

* વિકારમાં, કર્મમાં કે નોકર્મમાં એટલે કે ભાવકર્મ, દ્રવ્યકર્મ ને નોકર્મમાં જ્ઞાન નથી એટલે કે આત્મા નથી અને આત્મામાં ક્રોધાદિ કર્મ કે નોકર્મ નથી. કારણ કે આત્માને ને તેમને અત્યંત સ્વરૂપ-વિપરીતતા છે. આહાહા! આત્માને ને શુભભાવને—વ્યવહારરત્નત્રયના ભાવને અત્યંત સ્વરૂપ-વિપરીતતા છે. વિકારી પરિણામ આત્મામાં નહીં ને આત્મા વિકારમાં નહીં, કર્મ આત્મામાં નહીં ને આત્મા કર્મમાં નહીં, નોકર્મ આત્મામાં નહીં ને આત્મા નોકર્મમાં નહીં. કેમ કે તેઓને પરસ્પર અત્યંત

સ્વરૂપ-વિપરીતતા છે. આહાહા! જગતની કઈ ચીજ બાકી રહી? શુભભાવ સહિત સમસ્ત ચીજને ને આત્માને પરસ્પર અત્યંત સ્વરૂપ-વિપરીતતા છે. તેથી તેમને પરમાર્થભૂત આધાર-આધેયસંબંધ છે જ નહીં. વ્યવહારરત્નત્રયને ને આત્માને પરમાર્થભૂત આધાર-આધેયસંબંધ નથી. રાગના આધારે આત્મા જણાય કે આત્માના આધારે રાગ થાય એમ છે જ નહીં. ૪૧.

* એક દ્રવ્ય અન્ય દ્રવ્યને સ્પર્શ નહીં કરતું થકું પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવે ઊપજે છે એવી વસ્તુની મર્યાદા છે તે કારણે આચાર્યદેવ કહે છે કે જીવને રાગાદિ પરદ્રવ્ય કરાવે એમ અમે દેખતા નથી, માનતા નથી કે જેના ઉપર ક્રોધ કરીએ. તેં આવી ગાળ દીધી માટે મને ક્રોધ આવ્યો એમ છે નહીં. તો પર ઉપર ક્રોધ શું કરવો? પરદ્રવ્યના લઈને પોતાના રાગાદિ ઊપજતા નથી તો નિમિત્ત ઉપર શું દ્વેષ કરવો? રાગ-દ્વેષ-હાસ્ય આદિ જીવના પરિણામ પરના કારણે છે જ નહીં. પરના લઈને તારા એ પરિણામ થાય એ માન્યતા મિથ્યા છે. નિમિત્તથી અન્ય દ્રવ્યમાં કિંચિત્ કાર્ય થતું નથી. તો નિમિત્ત પર ક્રોધ અમે શું કરીએ? પરથી રાગાદિ થતા નથી તો પર ઉપર ક્રોધ કેમ કરીએ? અન્ય દ્રવ્ય નિમિત્તમાત્ર છે, પરંતુ વિદ્યમાન નિમિત્તે કાંઈ કર્યું જ નથી. કારણ કે અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્ય ગુણપર્યાયે ઉપજાવતું નથી એ નિયમ છે. રાગાદિનું ઊપજવું તે જીવનો જ દોષ છે. ૪૨.

* અરેરે! ખેદ છે કે જ્ઞાનસ્વરૂપ પરમાત્મતત્ત્વ પોતે છે પણ તેની સામું કદી જોયું નથી, નથી. નિર્વિકલ્પ જ્ઞાનથી સર્વદા એકરૂપ જ્ઞાન છે તે જણાય છે પણ અજ્ઞાનીએ કદી એને જાણ્યો નથી. વીતરાગે કહેલો વ્યવહાર છે, નથી એમ નથી, વ્યવહાર છે ખરો અને એનું ફળ છે ખરું, એનું ફળ સંસાર છે ખરું. અસ્તિ છે ખરી પણ વસ્તુમાં એ નથી. અરે! એ વસ્તુને જાણનારી પર્યાય પણ વસ્તુમાં નથી. નિર્વિકલ્પ જ્ઞાનની પર્યાય, સદા એકરૂપ વસ્તુને જાણનારી પર્યાય પણ વસ્તુમાં નથી. નિર્વિકલ્પ જ્ઞાનની પર્યાય સદા એકરૂપ વસ્તુને તેમાં ભળ્યા વિના જાણે છે. જ્ઞાનની પર્યાય પોતાના અસ્તિત્વમાં રહીને, જ્ઞાયકમાં ભળ્યા વિના સર્વદા એકરૂપ નિત્ય વસ્તુને જાણે છે. ૪૩.

* હે નાથ! તારી નયની વ્યાખ્યા ઇન્દ્રજાળ જેવી છે. ઇન્દ્રજાળ એકકોર વિસ્તારે ને બીજી કોર સંકેલે, તેમ નયની વ્યાખ્યા એકકોર વિસ્તારે ને એકકોર સંકેલી લે કે અંદર જા. આ આત્મા પ્રગટપણે સદા શિવમય છે. શક્તિ અપેક્ષા શિવમય છે જ પણ પ્રગટપણે સદા શિવમય છે. વિશેષ મહિમા કરીને કહેતા નથી પણ વસ્તુ સ્વરૂપ જ એવું છે. સદા કલ્યાણ સ્વરૂપ છે. આ વાત વિશ્વાસમાં લીધા પછી તેને સમકિત થાય. ૪૪.

* ભગવાન આત્મા તો સદા અનાકુળ છે, આનંદસ્વરૂપ છે, તેમાં દુઃખની જરી છાંય પણ નથી; પણ તેમાં નજર દે તો ને! વસ્તુ છે તે સહજ છે, અનાદિની છે તે સતત સુલભ છે. એક સમયની અવસ્થાની પાછળ નજીકમાં ભગવાન આત્મા પડ્યો છે. અંતર પડ્યા વિના, કર્મના વિઘ્ન વિના, રાગના વિઘ્ન વિના નિરંતર સુલભ છે. સહજ તત્ત્વના અભ્યાસે સતત સુલભ છે. ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશનું પૂર છે. આવી મહિમાવંત ચીજની મહિમા લાવીને અંદર ઉતરતો નથી ને બહારની ચીજમાં અટવાઈ ગયો છે! ૪૫.

* ભગવાનનો ઉપદેશ છે કે નિમિત્તની મમતા છોડ ને નિમિત્તે થતાં રાગાદિને છોડ. તેનો અર્થ જ થયો કે પરદ્રવ્ય નિમિત્ત છે ને રાગાદિ ભાવો નૈમિત્તિક છે. છોડવાનો ઉપદેશ છે તેનો અર્થ એ કે એના સ્વભાવમાં તો નથી, સ્વયં પોતાથી રાગાદિને કરતો નથી, પણ પોતાના સ્વભાવને ભૂલી પરદ્રવ્યના આશ્રયે પરદ્રવ્ય મારા છે એમ વિકારને કરે છે. પરના લઈને વિકાર થતો નથી પણ સ્વદ્રવ્યનું લક્ષ નથી ને પરનું લક્ષ છે તેથી નિમિત્તના લક્ષે નૈમિત્તિક-વિકાર થાય છે. ૪૬.

* આહાહા! આ તો આખા જીવનનો પલટો મારવાની વાત છે. એમ ને એમ એકાદ બે વાત પકડીને માને કે અમે જૈન છીએ તો એમ નથી. જ્યાં સુધી તેના પાતાળે નહીં પહોંચે ત્યાં સુધી સત્ય હાથ નહીં આવે. ૪૭.

* પ્રભુ! એકવાર તો પરની નજર છોડ! તારામાં આનંદનો નાથ ભર્યો છે, ત્યાં એકવાર નજર તો કર! જ્ઞાનસાગર ભગવાન

આત્મા છે. જેમ દરિયામાં ગમે તેવી જોરદાર લહેર ઉછળે છતાં દરિયો–સમુદ્ર ઘટવધ થતો નથી. તેમ અનંતકાળથી દશામાં શુભાશુભ થયા તોપણ ચૈતન્યસમુદ્રમાં વધઘટ થઈ નથી. આ તો ઠીક પણ જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થઈને વિશેષ એકાગ્ર થતાં કેવળજ્ઞાન થાય અને અનંતકાળ સુધી કેવળજ્ઞાન વહ્યા કરે તોપણ દ્રવ્ય તો જેવું ને તેવું જ રહે છે. જેમ શુભાશુભ ભાવ દશામાં અનંત કાળથી થાય છે તોપણ વસ્તુમાં ન્યૂનાધિકતા થઈ નથી તેમ જ્ઞાનની જેટલી શક્તિ છે તેટલી પૂરણરૂપે પ્રગટે અર્થાત્ કેવળજ્ઞાન થતાં અનંતકાળ કેવળજ્ઞાન વહ્યા કરે છતાં વસ્તુ તો જેવી છે તેવી જ રહે છે. તેમાં કાંઈ ન્યૂનાધિકતા થતી નથી. ૪૮.

* દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ વસ્તુનું સ્વરૂપ જાણ્યું હોવાથી રાગના ફળની હોંશ ને હરખ ન હોવાથી ધર્મી રાગના ફળને વેદતો નથી, ધર્મીને આનંદ ને શાંતિ આવવાથી ધર્મી રાગ ને રાગના ફળને હોંશથી વેદતો નથી. પુણ્યના પરિણામની પણ જેને હોંશ નથી તેને તેનો વેદક કેમ કહેવાય? તેથી જ્ઞાની તેનો અવેદક છે. ૪૯.

* પ્રભુ! તું તો જ્ઞાનસ્વરૂપી છો ને! નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બોલાય પણ એક ચીજ ને બીજી ચીજ વચ્ચે અભાવ છે. શરીર ને આત્મા વચ્ચે અત્યંત અભાવ છે. આ શરીર તો જડ છે, જડ ને આત્માને કાંઈ સંબંધ નથી. જ્ઞાતા–જ્ઞેયનો સંબંધ છે તે વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતે જ જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન છે. પરને જાણવા કાળે પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે. જ્ઞાનની પર્યાયના સામર્થ્ય વડે સ્વ ને પર જણાય છે. પરને લઈને જાણે છે એમ પણ નથી. ૫૦.

* અરે! આખો દિ ધંધા ને બાયડી–છોકરાની મમતામાં પાપમાં જીવન ગાળે છે એનું શું થશે? એકલી મમતા મમતા ને મમતાના ફળમાં મરીને ઢોરમાં જશે. અહીં વાણીયો કરોડપતિ હોય ને મરીને ભૂંડ થાય ને વિષ્ટા ખાશે. એણે મારું શું થશે એમ નક્કી કરવું જોઈએ ને!—કે હું મરીને ક્યાં જઈશ! અહીં તો થોડો કાળ રહેવાનું છે પછી મારું શું થશે ને ક્યાં જઈશ એ નક્કી કરવું જોઈએ. ૫૧.

* અસંખ્ય પ્રદેશી આત્માનાં દરેક પ્રદેશ ઉપર પર્યાય છે પણ એકલી પર્યાયને ન દેખતાં તે પર્યાયને ઊંડે ઊંડે લઈ જવી, જ્યાં ધ્રુવ છે ત્યાં લઈ જવી. જેનો સ્વભાવ છે, સ્વરૂપ છે, તેની મર્યાદા શી? તેની હદ ને મર્યાદા શી? એવી જે બેહદ અપરિમિત ધ્રુવતા ત્યાં પર્યાયને લઈ જાય ત્યારે જ્ઞાન થાય. જેમાં સાથે આનંદ આવે તેને ખરું જ્ઞાન કહેવાય. ૫૨.

* શબ્દ છે તે જ્ઞાન નથી. તેમ તેને સાંભળનારને પોતાના ઉપાદાનથી પરલક્ષી જ્ઞાન થાય તે જ્ઞાન પણ અચેતન છે, કેમ કે જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ ન આવે તે જ્ઞાનને જ્ઞાન કહેતાં નથી. તેથી ત્રણલોકના નાથની વાણી તે જ્ઞાન નથી અને તેના નિમિત્તે પરલક્ષી જ્ઞાન પ્રગટ્યું તે શબ્દશ્રુત છે, તે વાસ્તવિક જ્ઞાન નથી. શબ્દ છે તે પુદ્ગલ અચેતન છે તેથી વાણીને અને જ્ઞાનને ભેદ છે, ભિન્નતા છે. તેથી વાણીથી થયેલા બહિર્લક્ષી જ્ઞાનથી અંતર્લક્ષી જ્ઞાન થતું નથી પણ ચૈતન્ય ઝળહળ જ્યોતિ ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે. ૫૩.

* એક તરફ ચેતનામાત્ર ભગવાન ને બીજી તરફ દયા-દાન આદિ અશુદ્ધ પરિણામ તે બેને પ્રજ્ઞાછીણી ભિન્ન કરે છે. સંવર-અધિકારમાં આવી ગયું છે કે બે વસ્તુ એક નથી. શુદ્ધ પરિણામ અને અશુદ્ધ પરિણામ બે એક નથી, બંનેના પ્રદેશ ભિન્ન છે, બે વચ્ચે સંધિ છે, બે એક નથી. જેમ કર્મના રજકણો એકક્ષેત્રે રહેવા છતાં ભિન્ન છે તેમ અશુદ્ધ પરિણામનું ક્ષેત્ર ભિન્ન છે. ૫૪.

* જ્ઞાનના ક્ષયોપશમનું વજન નથી પણ અનુભૂતિનું વજન છે. તેથી કહે છે કે આત્માને અનુલક્ષીને આત્માના સ્વાદનો અનુભવ થવો તે અનુભૂતિ છે અને બાર અંગમાં પણ અનુભૂતિનું વર્ણન કર્યું છે—અનુભૂતિ કરવાનું કહ્યું છે. અનાકુળ જ્ઞાન ને અનાકુળ આનંદનો અનુભવ કરવો એમ બાર અંગમાં કહ્યું છે. શુદ્ધ આત્માની દૃષ્ટિ કરીને સ્થિરતા કરવી એમ તેમાં કહ્યું છે. બાર અંગથી વિશેષ જ્ઞાન ન હોય, તેમાં ચારેય અનુયોગનું જ્ઞાન આવી જાય છે—એવું ઉત્કૃષ્ટ બાર અંગનું

જ્ઞાન તે મોક્ષમાર્ગ નથી. બાર અંગવાળાને સમ્યગ્દર્શન હોય જ—સમ્યગ્દર્શન વિના બાર અંગનું જ્ઞાન ન જ હોય પણ તે ક્ષયોપશમજ્ઞાન તે મોક્ષમાર્ગ નથી પરંતુ અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે. આટલો બધો ઉઘાડ થયો માટે મોક્ષમાર્ગ વધી ગયો તેમ નથી, બાર અંગમાં તો એમ કહેવામાં આવ્યું છે કે—દિવ્યધ્વનિમાં એમ આવ્યું છે કે અનંત અનંત ગુણનો ભંડાર પ્રભુ છે ને તેની અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે. બાર અંગમાં પરમાત્માની સન્મુખતાનો અભ્યાસ કરવો એમ કહ્યું છે. ૫૫.

* જેમ સર્વજ્ઞને લોકાલોક જ્ઞેય છે, લોકાલોકને સર્વજ્ઞ જાણે છે, તેમ સર્વજ્ઞ સ્વભાવીને દષ્ટિમાં લીધો છે એવો સમ્યગ્દષ્ટિ સર્વજ્ઞની જેમ રાગને જાણે જ છે. સર્વજ્ઞને જાણવામાં લોકાલોક નિમિત્ત છે, તેમ સમ્યગ્દષ્ટિને જાણવામાં રાગ નિમિત્ત છે. સમ્યગ્દષ્ટિ રાગને કરતો જ નથી પણ લોકાલોકને જાણતા સર્વજ્ઞની જેમ તે રાગને જાણે જ છે. આમ વસ્તુ સ્થિતિ છે અને આમ જ અંદરથી બેસે છે, આમ જ અંદરથી આવે છે અને આમ જ વસ્તુની સ્થિતિ છે. આ વાત ત્રણકાળ ત્રણલોકમાં ફરે તેમ નથી. બીજી રીતે બેસારવા જાય તો કોઈ રીતે વસ્તુ સિદ્ધ થઈ શકે તેમ નથી. આ તો અંદરથી જ આવેલી વસ્તુસ્થિતિ છે. ૫૬.

* ભાઈ ! તું જ્ઞાયક જ છો એમ નિર્ણય લાવ ! જ્ઞાયક જ છો પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે.

પુરુષાર્થ કરું...કરું....પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરું....કરું કરીને કાંઈક નવીન કાર્ય કરવું છે. પણ જ્યારે દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ છે તેમ જાણે છે. પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે. ૫૭.

* આહાહા ! જે પર્યાયો થઈ ને ગઈ છે અને જે થઈ નથી એવી ભૂત-ભવિષ્યની પર્યાયોને પ્રત્યક્ષ જાણે એ જ્ઞાનની દિવ્યતાનું શું કહેવું ? કેવળી ભગવાન ભૂત-ભવિષ્યની પર્યાયોને દ્રવ્યમાં યોગ્યતારૂપ જાણે છે એમ નહિ, પણ તે તે પર્યાયો વર્તમાનવત્-પ્રત્યક્ષ હોય તેમ જાણે છે.

એ સર્વજ્ઞના જ્ઞાનની દિવ્યતા છે. ભૂત-ભવિષ્યની અવિદ્યમાન પર્યાયો કેવળજ્ઞાનમાં વિદ્યમાન જ છે. આહાહા! એક સમયની કેવળજ્ઞાન પર્યાયની આવી વિસ્મયતા અને આશ્ચર્યતા છે તો આખા દ્રવ્યના સામર્થ્યની વિસ્મયતા અને આશ્ચર્યતાનું કહેવું શું? ૫૮.

* પરમાર્થે, જેમ માટી કર્તા ને ઘડો તેનું કાર્ય છે. માટી વ્યાપક ને ઘડો વ્યાપ્ય છે, ઘડાને ને માટીને એવો વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે, તેમ પુદ્ગલ-પરિણામને ને પુદ્ગલને જ વ્યાપ્ય-વ્યાપકપણાનો સદ્ભાવ હોવાથી પુદ્ગલપરિણામનો કર્તા પુદ્ગલ છે. અહીં સ્વભાવની દૃષ્ટિ સિદ્ધ કરવી છે તેથી રાગાદિ પરિણામનો કર્તા પુદ્ગલ-દ્રવ્ય છે. કેમ કે વિજ્ઞાનઘન આત્માનું કાર્ય તો જ્ઞાન છે. ૫૯.

* જેમાં જ્ઞાન જ ભર્યું છે એ જ્ઞાનસ્વરૂપી પ્રભુને જાણ્યો નહીં, જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહીં, તો તે બધું જાણ્યાનું શું ફળ? ધારણામાં શાસ્ત્રજ્ઞાન ખૂબ કર્યા પણ જ્ઞાનની અસલ ભૂમિ હાથ ન આવી તો જાણ્યાનું શું ફળ? અનેક યુક્તિ-ન્યાય કર્યા, અનેક વિચારો કર્યા, પણ જાણનારને જાણ્યો નહીં અર્થાત્ જ્ઞાનની અસલી ભૂમિ દૃષ્ટિગોચર ન થઈ તો એ બધું શાસ્ત્ર જાણ્યાનું શું ફળ? શાસ્ત્ર અભ્યાસનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો એ છે, એ ફળ તો આવ્યું નહીં ને શાસ્ત્રજ્ઞાનમાં રોકાઈ ગયો! રાગમાં રોકાય કે નિમિત્તમાં રોકાય એ તો મિથ્યાદૃષ્ટિ છે પણ શાસ્ત્રજ્ઞાનમાં રોકાય એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! શાસ્ત્ર-અભ્યાસનું પ્રયોજન તો આત્માને જાણવો એ છે. ૬૦.

* ચક્ષુની માફક આત્મા માત્ર જાણે-દેખે જ છે; પરને તો કરતો નથી. રાગાદિને તો કરતો નથી. પણ સંવર-નિર્જરા ને મોક્ષના પરિણામને પણ કરતો નથી. આહાહા! જે થાય તેને માત્ર જાણનાર...જાણનાર ને જાણનાર જ આત્મા છે. ૬૧.

* ઓશિયાળા જીવને એમ કહે કે પરથી તને લાભ થશે, ગુરુથી તને લાભ થશે, ભગવાનની ભક્તિથી તને લાભ થશે, તો એ વાત તેને

બેસી જાય પણ પોતે પ્રભુત્વ, વિભુત્વ આદિ અનંત શક્તિઓથી ભરેલો ભગવાન છે.—એ બેસવું કઠણ પડે! ૬૨.

* જ્ઞાનના અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વ ક્લેશને ભુલાવી દે છે. અહો! આ વાત સમજીને પોતે પોતાના અંતરમાં ઊતરવા જેવું છે. પોતે પોતાનું હિત કરવા માટે આ વાત છે. ૬૩.

* સર્વજ્ઞ પરમાત્માથી પોતાને જુદો જે પાડે તે રાગનો કર્તા થાય છે, તે આત્મા રહેતો નથી. જેમ જેના અન્ન જુદા તેના મન જુદા, તેમ પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર સ્વરૂપી હું આત્મા છું. —એવી જેને અંતરમાં પ્રતીત થઈ છે તેણે આત્મા રાગવાળો માન્યો નથી તેથી તે પરમાત્માથી જુદો પડયો નથી. પરંતુ જેણે પોતાને પરમાત્માથી જુદો પાડયો છે તે રાગ મારો ને પર મારા એમ પરમાત્માથી જુદો પડીને પરમાં—ચાર ગતિમાં રખડશે. ૬૪.

* માર્ગણાસ્થાન ને ગુણસ્થાન વર્તમાન પર્યાયમાં અસ્તિરૂપ છે પણ એ તો કેવળ વ્યવહારદૃષ્ટિથી કથન છે. છે માટે નિશ્ચયથી છે એમ નથી, છે પણ તે વ્યવહાર છે. વસ્તુ છે, વ્યવહારનયનો વિષય છે, પરંતુ ત્રિકાળ અભેદદૃષ્ટિની અપેક્ષાએ એ બધા ભેદોને અભૂતાર્થ કહેવામાં આવે છે, અસત્યાર્થ કહેવામાં આવે છે, જૂઠા છે—એમ કહેવામાં આવે છે. ૬૫.

* જેને આ આત્મા સુખી કેમ થાય-એવી જરૂરીયાત જણાય, આ આત્માની દયા આવે કે અરે આત્મા! અનંત કાળથી ૮૪ લાખ યોનિના અવતારમાં કયાંય કોઈ શરણ નથી, કયાંય કોઈ આધાર નથી. એકલો દુઃખી થઈને તરફડે છો, તરફડે છો?-એમ એને દયા આવવી જોઈએ કે અરે આત્મા! તને કાંઈક સુખ થાય એવો રસ્તો લે ભાઈ! તું જિનેન્દ્રસ્વરૂપી છો—એમ શ્રદ્ધા-જ્ઞાનમાં લે. એમ જેણે શ્રદ્ધા-જ્ઞાનમાં લીધું છે તે વારંવાર જિનેન્દ્રનું સ્મરણ કરે છે. ૬૬.

* પોતે અનંત લક્ષ્મીવાળો છે તેને ભૂલીને, થોડા પૈસાવાળો થાય ત્યાં હું પૈસાવાળો એમ મૂઢ થઈને મફતનો માને છે. કર્મના લઈને મોહ્યો છે એમ નથી, પણ પોતાનું સ્વરૂપ જે અનાકુળ આનંદ એને

સ્પર્શ્યા વિના અડચા વિના, કર્મજન્ય સામગ્રી છે તેમાં—અનંત પ્રકારની બાહ્ય ચીજો તથા અસંખ્ય પ્રકારના શુભાશુભ રાગ એ બધા કર્મના ફળનું સામ્રાજ્ય છે તેમાં—હું-પણાની દૃષ્ટિ છે તે મિથ્યાદર્શનથી મોહેલો પ્રાણી છે. ૬૭.

* ભ્રમ વિનાનો આત્મા વિભ્રમથી ભ્રમણા ઉત્પન્ન કરે છે કે પર પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ છે, કાંઈ કર્મ તને ભ્રમણા ઉત્પન્ન કરાવતું નથી. કર્મ તો પરદ્રવ્ય છે, પરદ્રવ્ય તને વાસના શી રીતે ઉત્પન્ન કરાવે? દર્શનમોહનો ઉદય હોય તો આત્માને ભ્રમણા થાય-એમ માનનારે પરદ્રવ્ય મને નુકશાનકારક છે એમ માન્યું!—એ ભ્રમણા વિભ્રમથી ઉત્પન્ન થયેલ સંસ્કાર છે, એ જ વાસના છે, એ જ સંસાર છે, એ જ દુઃખ છે અને એ જ પરિભ્રમણનું કારણ છે. એ સંસ્કાર સ્વાભાવિક નથી, તેમ જ પરથી ઉત્પન્ન કરાયેલા પણ નથી, પણ અનાદિથી પર્યાયમાં નવા ઊભા કર્યે જાય છે ને નરક ને નિગોદ તેમ જ કોઈ વાર શેઠીયો તો કોઈ વાર ઢોર-એમ ચાર ગતિમાં રખડચે જાય છે. ૬૮.

* વીતરાગના સ્વરૂપમાં ને મારા સ્વરૂપમાં પરમાર્થે કાંઈ ફેર નથી-એમ અંતરમાં રુચિ કરીને દૃષ્ટિ કરીને આત્માને સ્વીકારવો—એ ગૃહસ્થાશ્રમમાં કેમ ન થઈ શકે? દૃષ્ટિ દૂર હતી, તે દૃષ્ટિ સમીપમાં કરે કે આ આત્મા જ હું છું—એ તો ગૃહસ્થાશ્રમમાં થઈ શકે છે. ૬૯.

* બાપુ! શરીરાદિ સારા હોય કે ન હોય તેનું તારે શું કામ છે? આ આત્માની નજર કર ને ભાઈ! તું ઊંધી નજર કરે છો એ તારો ઉલટો પુરુષાર્થ છે ને સવળો પુરુષાર્થ કરવો એ તારા હાથમાં છે, બાકી દુનિયાનું એના કારણે થયા કરે છે, તારે એનું શું કામ છે? એની સંભાળ રાખે શું દિ' વળશે? લાખ સંભાળ રાખીશ તોય શરીર—પૈસા આદિ એના કાળે હાલ્યા જશે, તારી સંભાળ કાંઈ કામ આવશે નહીં. જિંદગીભર આ શરીરને નવરાવ્યું, ખવરાવ્યું ને કંઈક સાચવ્યું પણ છેલ્લે ઘડીકમાં ફુ....થઈ જશે. ૭૦.

* જેટલા ઇન્દ્રિયજન્ય સુખદુઃખ છે તે વાસનામાત્ર જ છે. શરીરમાં ઠીક હોય તો મને સુખ ને શરીરમાં અઠીક હોય તો મને દુઃખ, પૈસા

હોય તો સુખ ને પૈસા ન હોય તો દુઃખ—એવી અજ્ઞાનીની કલ્પના વાસના માત્ર છે, કોઈ પરવસ્તુ સુખદુઃખનું કારણ નથી. આત્મામાં આનંદ છે—એવી જેને ધર્મદૃષ્ટિ છે તેને પરપદાર્થ સુખદુઃખરૂપ ભાસતાં નથી. આત્મા પોતે કાંઈ દુઃખરૂપ નથી, આત્મા તો પોતે જ આનંદ-સ્વરૂપ છે, એની જ્યાં ધર્મદૃષ્ટિ થઈ તે પુણ્ય ભાવમાં પણ સુખ માનતો નથી ને પરમાં પણ સુખ માનતો નથી, તેમ જ પર મને દુઃખકારક છે એમ પણ માનતો નથી. ૭૧.

* અરે ભગવાન! તને તારી કિંમત નથી ને પરપદાર્થને તું કિંમત આપે છો કે દેહ સારું, પૈસા સારા....પણ તું પોતે સારો છો કે નહીં?—એની તો તને ખબર નથી. બાપુ પૈસાદિ સારા—એ તો વાસનામાત્ર તારી કલ્પના છે. ભગવાન આત્મા તો જ્ઞાન ને આનંદસ્વરૂપ અવિકારી શીતળશિલા છે—એમાં પોતાના સુખ ને શાંતિ ન દેખતા અજ્ઞાની જીવ સ્ત્રી-પુત્ર-પૈસા આદિમાં મને સુખ છે એવી વાસનામાત્ર મિથ્યા કલ્પના ઊભી કરે છે. ૭૨.

* ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધભાવ છે, એ બધા અસિદ્ધભાવ, અપૂરણભાવ, મલિનભાવ, વિપરીતભાવ, ખંડખંડભાવ એને પોતાની વસ્તુ માને તેને બહિરાત્મા મૂઢ જીવ કહે છે. ભગવાન આત્મા જ્ઞાયકની મૂર્તિ ચૈતન્યસૂર્ય આનંદનો કંદ એવું સ્વયંસિદ્ધ સ્વતત્ત્વ એને પોતાનું ન માનતા એનાથી બાહ્ય કોઈ પણ વિકલ્પ — વ્યવહાર-આચાર, વ્યવહાર ક્રિયા, વ્યવહાર-મહાવ્રત, વ્યવહાર-શ્રદ્ધા આદિના વિકલ્પ એ બધા વિભાવો મારી ચીજ છે અથવા તેનાથી મારું હિત થશે એમ માનનાર એ વિભાવને જ—એ બહિરભાવને જ આત્મા માને છે. ૭૩.

* સિદ્ધદશાને સાધવા નીકળેલા સાધક જીવ પોતાના મોક્ષના માંડવે ભગવાનને ઉતારતાં કહે છે કે: હે સિદ્ધ ભગવાન! મારા આત્મામાં બિરાજો....હું મારા આત્મામાં સિદ્ધપણું સ્થાપું છું....દ્રવ્યદૃષ્ટિથી જેણે પોતાના આત્માને સિદ્ધ સમાન પ્રતીતમાં લીધો તેણે આત્મામાં સિદ્ધપણું સ્થાપ્યું....તેના આંગણે મોક્ષના માંડવા નંખાયા...હવે અલ્પકાળમાં તેને સિદ્ધદશા થયા વિના રહેશે નહીં. ૭૪.

* જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું છે. આબાળગોપાળ સૌને સદાકાળ અખંડ પ્રતિભાસમય ત્રિકાળી સ્વ જણાય છે, પણ તેની દૃષ્ટિ પરમાં પડી હોવાથી ત્યાં એકત્વ કરતો થકો, 'જાણનાર જ જણાય છે' તેમ નહીં માનતાં, રાગાદિ પર જણાય છે એમ અજ્ઞાની પર સાથે એકત્વપૂર્વક જાણતો–માનતો હોવાથી તેને વર્તમાન અવસ્થામાં અખંડનો પ્રતિભાસ થતો નથી. અને જ્ઞાની તો–'આ જાણનાર જણાય છે તે જ હું છું' એમ જાણનાર જ્ઞાયકને એકત્વપૂર્વક જાણતો–માનતો હોવાથી તેની અવસ્થામાં (જ્ઞાનકળામાં) અખંડનો સમ્યક્ પ્રતિભાસ થાય છે. ૭૫.

* ભગવાન જ્ઞાનમાં ભૂત–ભવિષ્ય ને વર્તમાન ત્રણ કાળ જણાયા છે. આવડી સર્વજ્ઞદશા!—એમ સ્વીકારવા જાય ત્યારે દ્રવ્યસ્વભાવમાં દૃષ્ટિ પડયા વિના એનો સ્વીકાર નહીં થાય. ભગવાનનો એક સમયનો એક પર્યાય આવડો કે ત્રણકાળ ત્રણલોકને યુગપત્‌પણે જાણે—એવા જ્ઞાનનો સ્વીકાર શું રાગથી કરી શકે? રાગના આશ્રયે સ્વીકાર થાય? પર્યાયથી સ્વીકાર થાય પણ એ પર્યાયના આશ્રયે શું સ્વીકાર થાય? સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ તેનો આશ્રય લીધા વિના પર્યાયમાં સર્વજ્ઞપણાનો નિર્ણય ન થાય. સર્વજ્ઞસ્વભાવી આત્મસ્વરૂપનો નિર્ણય થતાં તેને ક્રમબદ્ધનો નિર્ણય થઈ જશે ને વીતરાગી પર્યાય પણ થઈ જશે. એનું નામ જ પુરુષાર્થ છે. પુરુષાર્થ એટલે કાંઈ ખોદવું છે? અંતરની દશા કર્તૃત્વમાં હતી તે અંતરમાં અકર્તૃત્વમાં ગઈ એ પુરુષાર્થ છે. ૭૬.

* અહો! અતીન્દ્રિય આનંદનો નાથ મારે હાથ આવ્યો, અતીન્દ્રિય આનંદની ભરતી આવી, અતીન્દ્રિય આનંદમાં રહેનારો હું એવા મને અન્ય પરિગ્રહથી શું કામ છે? અતીન્દ્રિય આનંદના વેદન પાસે શુભ-રાગના દુઃખનું મારે શું કામ છે? દયા–દાન–વ્રતાદિના બાહ્ય વિકલ્પોથી મારે શું કામ છે? આ જીવ છે, આ જડ છે, આ વ્રતાદિના વિકલ્પો છે, આ ગુણભેદ છે—એવા વિકલ્પોનું મારે શું કામ છે? મારા દુઃખનો નાશ અને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ એ જ મારી કાર્યસિદ્ધિ છે. શુદ્ધ જીવવસ્તુનો અનુભવ એ ચૈતન્ય ચિંતામણિરત્ન છે, એની પ્રાપ્તિ થયા

પછી અન્ય વિકલ્પાદિ પરિગ્રહથી મારે શું કામ છે?—એમ સમ્યગ્દષ્ટિ દેખે છે. ૭૭.

* અરે આત્મા! તું પરમાત્મા છો ને આ પરિભ્રમણના પંથે ક્યાં ચઢી ગયો! પરિભ્રમણના પંથનો અભાવ કરવાની તારામાં તાકાત છે. અરિહંત પરમાત્માએ ભવનો અભાવ કર્યો છે ને એ ભવનો અભાવ કરવાની તાકાતવાળો હું આત્મા છું—એમ પલટો માર. ૭૮.

* જિન સમરો—ભગવાન આત્મા ચૈતન્યપ્રભુ ઉપાદેય છે ને રાગાદિ મેલ હેય છે એમ જેને પહેલાં સમ્યગ્જ્ઞાનમાં વિવેક પ્રગટ્યો છે તે જિનેન્દ્રનું સ્મરણ કરે છે. બહારની હોળીના સ્મરણ કરે છો તેના કરતાં સમીપમાં ચિદાનંદપ્રભુ બિરાજે છે તેનું સ્મરણ કર ને! એનું સ્મરણ કરતાં એ પ્રગટ થાય એવો છે. માટે અંદર જે રાગ ને પુણ્યભાવ આવે એને યાદ ન કર! ઝેરને યાદ કરવા જેવા નથી, છોડી દે લક્ષમાંથી! પવિત્ર પ્રભુ ભગવાન આત્મા છે તેનું સ્મરણ કરવા જેવું છે, તે તને હિતનું કારણ છે. ૭૯.

* ધંધાનો ભાવ તો હેય છે પણ એ કાળે પણ એ જીવની શક્તિનું સત્વ છે ને! તેથી ગૃહસ્થના અશુભ ભાવને ને શુભભાવને હેય જાણે ને આ આત્મા અનંતગુણનો પિંડ છે તે હું—એમ હેયાહેયનું જ્ઞાન થઈ શકે છે. બાપુ! તું છો ને તારું ન કરી શકે એનો અર્થ શું? તું છો ને તારું જરૂર કરી શકે. ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં હેય-ઉપાદેયનો જ્ઞાનમાં વિવેક જરૂર કરી શકે. પહેલાં શાસ્ત્રથી, ગુરુગમથી, તીવ્ર જિજ્ઞાસાથી હેય-ઉપાદેયનું જ્ઞાન કરે અને પછી એની દૃષ્ટિમાં આવે કે અહો! આ અનંત ગુણ સ્વરૂપ ભગવાન આત્મા તે હું પોતે છું. ૮૦.

* જેમ દારૂ પીવાથી જે બધી ચેષ્ટાઓ થાય તેને તે પોતાની માને, તેમ કર્મના સંયોગથી થયેલી ચેષ્ટાઓ—વિકાર અને પર તે બધાને મિથ્યાત્વના દારૂને લઈને તે પોતાની માને છે. ભગવાન આત્મા તો જ્ઞાન–દર્શન–આનંદનું ધામ છે. પૂરણ જ્ઞાન, દર્શન આનંદનું ધામ છે—એવા આત્માને ન શ્રદ્ધતો, એવડી મોટી સત્તાને ન સ્વીકારતો અલ્પ અવસ્થાને ને બાહ્યચીજને માનતો થકો મિથ્યાદર્શનથી મોહિત થઈને

ત્યાં પડ્યો છે તે બહિરાત્મા છે. અંતર સ્વભાવની પ્રતીત નથી ને બાહ્યની પ્રતીત છે તેને બહિરાત્મા કહે છે. ૮૧.

* ભાઈ! તું અનંતી ઋદ્ધિથી ભરેલો ભગવાન છો, એને તું ભૂલી ગયો ને સંસારની ભૂલ-ભૂલામણીમાં ચડી ગયો, તેથી એ ભૂલ-ભૂલામણીમાંથી માર્ગ નીકળતો નથી. બહારની વિભૂતિને ને સ્ત્રી-પુરુષની સુંદરતાની વિભૂતિને દેખી દેખીને અંતરની વિભૂતિને તું ભૂલી ગયો છો. એ ભૂલવણીની વિભૂતિને દેખવું ભૂલી જા તો તારી અંતરની વિભૂતિની આશ્ચર્યતા ને મહાનતા તને દેખાશે. ૮૨.

* તને પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાનની મહિમા આવતી નથી ને તેની મહિમા વિના તને ભેદ ને રાગની જેટલી મહિમા આવે છે એ મિથ્યાદર્શન છે, શલ્ય છે. બાપુ! વીતરાગ પરમેશ્વરનો માર્ગ જગતને સાંભળવા મળ્યો નહીં તેથી ઊંધે રસ્તે ચઢીને માને કે અમે ભગવાનને માનીયે છીએ. પણ ભગવાન તો એમ કહે છે કે જેમ રાખ ઉપર ગાર કરે તે ગાર નથી પણ લીંપણા છે તેની જેમ આત્માના દર્શન વિના તેને દેવ-શાસ્ત્ર-ગુરુની સાચી શ્રદ્ધા નથી, કેમ કે દેવ-શાસ્ત્ર-ગુરુ તો આત્માના દર્શનને દર્શન કહે છે ને એ દર્શન વિના અમે દેવ-શાસ્ત્ર-ગુરુને માનીયે છીએ-એમ માને છે તે માન્યતા જૂઠી છે. આત્મદર્શન વિના દેવ-શાસ્ત્ર-ગુરુની સાચી શ્રદ્ધા રહેતી નથી ને તેથી એ વિના જે વ્રતાદિ ક્રિયા કરવામાં આવે તે રાખ ઉપર ગારના લીંપણા જેવું છે. ૮૩.

* સર્વજ્ઞની વાણીમાં એમ આવે છે કે અમારા કહેલાં શાસ્ત્રોની શ્રદ્ધાને અમે સમ્યગ્દર્શન કહેતાં નથી. તારા આત્માની સન્મુખ થઈને પ્રતીત થવી, અનુભવ થવો તે એક જ સમ્યગ્દર્શન છે. બીજા પ્રકારનું સમ્યગ્દર્શન અમે કહ્યું નથી, કહેતાં નથી ને છે પણ નહીં. ભગવાન તારામાં તું પૂરો પડ્યો છો. તારે કોઈની જરૂર નથી. પરસન્મુખના જ્ઞાનની પણ તને જરૂર નથી, પર પદાર્થની તો જરૂર નથી, પર પદાર્થની શ્રદ્ધાની તો જરૂર નથી, પરસન્મુખના આશ્રયે થતાં દયા-દાન આદિના રાગભાવની તો જરૂર નથી; એ તો ઠીક પણ ભગવાન આ અને ગુણ આ એવા મનના સંગે ઉત્પન્ન થતાં વિકલ્પની પણ તને જરૂર નથી. ૮૪.

* વસ્તુસ્વભાવ જ એવો છે માટે તારામાં ને સર્વજ્ઞમાં ભેદ ન જાણ, જુદા ન પાડ! સમ્યગ્જ્ઞાનદીપિકામાં કહ્યું છે કે એક ક્ષણ પણ સિદ્ધ પરમાત્માથી જુદો પાડે તે મિથ્યાદષ્ટિ સંસારી છે. કેમ?–કે એક ક્ષણ પણ જે સિદ્ધ પરમાત્માથી પોતાને જુદો માને છે તેણે રાગ ને વિકલ્પની એકતા માની છે, રાગનો ને પરનો કર્તા થઈને ત્યાં રોકાયો છે. તેથી વીતરાગ પરમાત્માથી એક ક્ષણ પણ જુદો રહ્યો તો મૂઢ મિથ્યાદષ્ટિ સંસારી નિગોદગામી છો! ૮૫.

* હું જ્ઞાતાદ્રષ્ટા ને આનંદસ્વરૂપ છું, પરમાં મારું જ્ઞાન નહીં ને આનંદ નહીં, પરને લઈને મારી ચીજમાં અનુકૂળતા કે પ્રતિકૂળતા છે જ નહીં—એમ જાણવું ને માનવું તેને હોંશિયારી કહેવાય છે ને બાકી બધી મૂઢતા કહેવાય છે. ૮૬.

* જગતમાં કોઈ તારું શત્રુ કે મિત્ર નથી, દરેક પર પદાર્થ સ્વતંત્ર છે. માટે પોતાનું હિત ચાહનારા બુદ્ધિમાન પુરુષોએ કોઈ પ્રત્યે દ્વેષ કરવો નહિ. તે તે પર પદાર્થો તેની યોગ્યતા પ્રમાણે પરિણમે છે, તારે એની સાથે શું સંબંધ છે? એમ સમતા રાખીને, શાંતિ રાખીને જ્ઞાતા-દષ્ટા રહેવું. દ્વેષ નહિ કરવો. અજ્ઞાન છોડીને ગુસ્સો છોડીને સમતા રાખવી. ૮૭.

* અહો! જે આત્મા છૂટકારાના માર્ગે ચડ્યો તેના પરિણામ ઉલ્લાસમય હોય છે ને તેને છૂટકારાના જ વિકલ્પો આવે છે. સ્વપ્ના પણ એના આવે. છૂટકારાના પ્રસંગ પ્રત્યે જ તેનું વલણ જાય. તેને નિમિત્તો પણ છૂટકારાના જ નિમિત્તો હોય, છૂટેલા દેવ, છૂટકારો પામતાં ગુરુ અને છૂટવાનું બતાવનારા શાસ્ત્રો–એવા છૂટકારાના નિમિત્તો પ્રત્યે જ તેના વિકલ્પો ઊઠે. તેમાંય છૂટકારાનું મૂળ સાધન તો નિજસ્વરૂપનું અવલંબન છે ને દેવ–શાસ્ત્ર–ગુરુ પણ એ જ કરવાનું બતાવે છે, એટલે તેને સ્વરૂપ સાધનની પ્રધાનતા છૂટતી નથી. છૂટકારો પામતાં જીવની આવી પરિણતી હોય છે, તેને છૂટકારાના માર્ગથી વિરુદ્ધ વિકલ્પો ઊઠતાં નથી. છૂટકારાનો માર્ગ સાધતાં જીવના પરિણામ જરૂર ઉલ્લાસરૂપ હોય છે અને ઉલ્લસિત વીર્યવાળો જીવ જ છૂટકારાનો માર્ગ પામે છે. ૮૮.

—*—

ઘાટકોપરમાં આનંદોલ્લાસ પૂર્વક ઉજવાયેલો

## * શ્રી સીમંધર–સમવસરણનો શિલાન્યાસ–મહોત્સવ *

શાસનપ્રભાવક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમજ પ્રશમમૂર્તિ પૂજ્ય ચંપાબહેનના સદ્ધર્મવર્ધક ઉપકાર પ્રભાવથી મુમુક્ષુ જગતમાં પ્રવર્તતી વીતરાગ જિનેન્દ્રદેવ પ્રતિ વિશેષ શ્રદ્ધાભક્તિના ફળસ્વરૂપે મુંબઈ મહાનગરીના ઘાટકોપર ઉપનગરમાં શ્રી નેમિનાથ દિગમ્બર જિનમંદિની ઉપરની છત ઉપર જીવંતસ્વામી વિદેહીનાથ શ્રી સીમંધર–જિનવરના નિર્માણાધીન સમવસરણના શિલાન્યાસનો ભવ્ય સમારોહ અત્યંત આનંદોલ્લાસ પૂર્વક તા. ૨૪–૧૦–૯૩ ના રોજ બૃહદ્ મુંબઈના ૨૨૦૦થી અધિક મુમુક્ષુઓની પ્રમોદભીની ઉપસ્થિતિમાં સમ્પન્ન થયો હતો. ત્રણ દિવસના આ સમારોહમાં પંચપરમેષ્ઠી મંડળવિધાનપૂજા, પ્રતિદિન બે વાર શાસ્ત્ર પ્રવચન તેમજ શિલાન્યાસની મંગલ પાઠવિધિ–ઇત્યાદિ બ્ર. વ્રજલાલભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી. શિલાન્યાસની મંગલવિધિ જામનગર નિવાસી શ્રી શશિકાંત શાંતિલાલ મહેતા–પરિવાર દ્વારા કરવામાં આવી હતી. શિલાન્યાસના આ અવસરે બધાને એટલો બધો આનંદોલ્લાસ હતો કે સારુંય વાતાવરણ પંચકલ્યાણકોત્સવ જેવું પ્રતીત થતું હતું. ખરેખર આ બધો પુનીત પ્રતાપ પરમ તારણહાર પરમકૃપાળુ પૂજ્ય કહાનગુરુદેવ તેમજ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના પ્રભાવનોદયનો હતો.

—*—

* શિકાગો (અમેરિકા) ના દિગમ્બર જૈન સેન્ટરના અધ્યક્ષ પોતાના પત્ર દ્વારા વિદિત કરે છે કે–આ વર્ષે શિકાગોમાં દશલક્ષણ-પર્યુષણપર્વ અમે મુમુક્ષુવૃન્દે અતિ ઉલ્લાસ પૂર્વક ઉજવ્યો હતો. પ્રતિદિન પરમાત્મભાવના શાસ્ત્રસ્વાધ્યાય, પૂજા–ભક્તિ–આરતી ઇત્યાદિ સારી રીતે સમ્પન્ન થતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોની તેમ જ પૂજ્ય બહેનશ્રીની ઓડિયો–ટેપ વસાવવાની જેમને ઇચ્છા હોય તેઓ શ્રી જ્યોતીન્દ્રભાઈ દોશીનો સંપર્ક કરે. [ JYOTINDRA N. DOSHI
531 E. Lincon St. Mount Propect, IL 60056–3329
U. S. A. Phone : ( 708 ) 392–4577 ]

[ સ્થળસંકોચના કારણે 'સુવર્ણપુરી-સમાચાર' આપી શકાયા નથી. ]

## વૈરાગ્ય સમાચાર

* શ્રી નાઈરોબી નિવાસ શ્રી ગંગાબેન પ્રેમચંદભાઈ શાહ ( શ્રી અજીતભાઈ તથા શ્રી કિશોરભાઈના માતુશ્રી તા. ૮-૯-૯૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગર નિવાસ શ્રી મોહનલાલ હરખચંદ શેઠ (ધ્રાફાવાળા) (વર્ષ-૯૮) તા. ૨૨-૯-૯૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનાગર નિવાસ શ્રી શારદાબેન મગનલાલ વાધર (વર્ષ-૭૫) તા. ૨૬-૯-૯૩ના રોજ સ્વંગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગર નિવાસ શ્રી ઈન્દુલાલ રવજીભાઈ દોશી ( વર્ષ-૬૭ ) તા. ૮-૧૦-૯૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લંડન નિવાસ શ્રી ભીખુભાઈ ટપુલાલ શાહ એડનવાળા (વર્ષ-૫૪) તા. ૧૬-૧૦-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢ નિવાસ શ્રી વ્રજલાલ મગનલાલ મહેતા ( વર્ષ-૭૨ ) તા. ૧૬-૧૦-૯૩ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન સાંભળતાં સાંભળતાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા કેટલાય વર્ષોથી સોનગઢમાં સ્થાયી નિવાસ કરીને પોતાની નાદુરસ્થ તબિયત છતાં નિયમિત ટેપ-પ્રવચનોના લાભ લેતા. તેઓ તત્ત્વરસિક અને સાધર્મીઓ પ્રત્યે વાત્સલ્યભાવનાવંત હતા.

* ઉજ્જૈન નિવાસ શ્રી બદામકુંવરબેન ચાંદમલજી ગાંધી (વર્ષ-૬૫) તા. ૨૭-૧૦-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે તેઓ દર વર્ષે ઘણો સમય સોનગઢ રહીને ઘણો લાભ લેતા હતા.

* ગઢડા નિવાસિ હાલ મહી ડો. રમેશભાઈ ત્રંબકલાલ શાહ (વર્ષ-૫૪) (સ્વ. બ્ર. ગુલાબચંદભાઈના ભાણેજ ) તા. ૩૦-૧૦-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણામાં આત્મોન્નતિ પામો એ જ ભાવના. —*—

* પર્યુષણપર્વ પ્રસંગે નાઈરોબીમાં ધર્મપ્રભાવના *

પર્યુષણપર્વ નિમિત્તે વઢવાણથી બ્ર. વજુભાઈ તેમ જ વઢવાણ ભજનમંડળીવાળા શ્રી રમેશભાઈ નાઈરોબી ગયા હતા. રોજ ૬-૬ કલાક ધાર્મિક કાર્યક્રમો—દર્શન, પૂજન, પ્રવચનો, શિક્ષણવર્ગ તેમ જ ભક્તિ આદિ—ચાલતા હતા મોટી સંખ્યામાં સૌએ ખૂબ લાભ લીધો હતો અને ઘણી ધર્મપ્રભાવના થઈ હતી. —*—

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિદિન પ્રસંગે
સોનગઢમાં પાંચ દિવસનો

## * ધાર્મિક કાર્યક્રમ *

[ તા. ૨-૧૨-૯૩ થી તા. ૬-૧૨-૯૩ ]

સમયસાર-યુગપ્રવર્તક આપણા પરમ તારણહાર પરમોપકારમૂર્તિ વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્ય-સમાધિનો ૧૩મો વાર્ષિક દિન વિ. સં. ૨૦૫૦, કારતક વદ ૭, સોમવાર, તા. ૬-૧૨-૯૩ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૨-૧૨-૯૩, ગુરુવારથી તા. ૬-૧૨-૯૩, સોમવાર—એમ પાંચ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ-શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસ ઝરતાં ટેપ તથા વિડિયો પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા તથા શાસ્ત્રપ્રવચનો વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવશે.

આ અવસરે અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સર્વને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં બિરાજમાન શ્રી જિનેન્દ્ર [illegible]ના દર્શન-પૂજન-ભક્તિ વગેરેનો પણ અમૂલ્ય લાભ મળશે.

---

## 卐 ધાર્મિક શિક્ષણવર્ગ 卐

ડિસેમ્બરની રજાઓમાં તા. ૨૪-૧૨-૯૩, શુક્રવારથી તા. તા. ૨-૧-૯૪, રવિવાર-દસ દિવસ માટે સોનગઢમાં પુરુષો માટે ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. *

પુદ્ગલ-પરિણામનું જ્ઞાન એટલે કે રાગ-દ્વેષના જે પરિણામ થયા તે કાળે, રાગ-દ્વેષના લઈને નહીં પણ સ્વને જાણતાં સ્વ-પરપ્રકાશક જ્ઞાન વડે રાગને જાણે છે, તે રાગ સંબંધીનું જ્ઞાન જીવનું કર્મ છે અને જ્ઞાનના પરિણામનો આત્મા કર્તા છે. ખરેખર તો પુદ્ગલ-પરિણામનું જ્ઞાન નથી પણ જે પ્રકારના પરિણામ છે તે પ્રકારનું તે સંબંધીનું પોતાનું જ્ઞાન છે, તેને કર્તાપણે જીવ કરે છે અને તે જ્ઞાન જીવનું કાર્યરૂપ કર્મ છે, પણ રાગના પરિણામનો જીવ કર્તા નથી.

—માર્ગપ્રકાશક અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-

A ૧૨૨૬ શ્રી ... દેસાઈ પ્રોફેસર
લોકભારતી તેઓ ... ,
વાયા–સોનગઢ · ...–૩૬૪૨૩૦ (સૌ.)